# વાવોલ-પેથાપુરમાં વીજ પૂરવઠો ખોરવાતા ગ્રામજનો ત્રાહિમામ્

## છાશવારે થતા વીજ ધાંધિયાથી વીજ કંપની પ્રત્યે ઉગ્ર આક્રોશ : ઈલે. મોટરો બંધ રહેવાથી ફ્લેટોની ઓવરહેડ ટાંકીઓમાં પાણી ના ચઢ્યાં : મોબાઈલ ચાર્જ ના થવાથી બેટરી ડાઉન થતા નેટ સેવી મોબાઈલ ધારકો પરેશાન

### એ...એ... પડ્યુ... પડ્યુ...

શહેરમાં વરસી રહેલા વરસાદમાં આજે વૃક્ષોનો દાટ નિકળી ગયો હતો. જોર-શોરથી ફુંકાતા પવનોએ અનેક વૃક્ષોના મૂળિયા ઉખેડી નાખ્યા હતા. શહેરીજનો વૃક્ષો પડતા એ...એ... પડ્યું... પડ્યું... પડ્યુ... કરતા કરતા બૂમો પાડતા રહ્યા અને લોકો ઉઠાવતા રહ્યા હતા. શહેરીજનોએ આજે મન ભરીને મોજ કરી હતી. ધોધમાર વરસી રહેલા વરસાદમાં પોચી પડેલી જમીનના કારણે ઘટાદાર વૃક્ષોનો સોથો વળી ગયો હતો. ત્યારે પડતા વૃક્ષોને જોઈને ટોળાઓ એ... પડ્યુ.. પડ્યું... કરીને ચિચિયારીઓ પાડતા હતા અને મન ભરીને આનંદ લેતા હતા. વૃક્ષો પડ્યા બાદ અનેક પોતાની રીતે માનતા બુદ્ધિજીવીઓ સલાહ સૂચન કરતા રહ્યા હતા. કોઈ કહે આ ઝાડ આમ પડ્યુ હોત તો ઓછુ નુકશાન થાત.

ગાંધીનગર, તા. ૨૮

છેલ્લા બે દિવસના વરસાદી માહોલમાં આજે સવારથી જ વાવોલમાં લાઈટો ગુલ થઈ જવા પામી હતી. જે આખો દિવસ બંધ રહેતા રહીશો ત્રાહિમામ પોકારી ગયા હતા. બીજી તરફ અવિરત વરસતા પાણી વાવોલની ચોતરફ ખેતરોમાં ભરાઈ જતા બેટ વિસ્તાર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

પેથાપુર સહિત વાવોલમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના વીજ ધાંધિયાનો કડવો અનુભવ ફરી એકવાર ગ્રામજનોને થવા પામ્યો હતો. વહેલી સવારથી ગુલ થયેલી લાઈટો મોડી સાંજ સુધી ના આવતા ગામમાં અને નવા વિકસીત સોસાયટી વિસ્તારમાં રહેતા રહીશો ભારે ત્રસ્ત થઈ ગયા હતા. લાઈટો બંધ હોવાથી તમામ ફ્લેટ, એપાર્ટમેન્ટ્સમાં પાણી ચઢાવાની મોટરો બંધ રહી હતી જેના કારણે બપોર સુધીમાં પાણી પુરૂ થઈ જતા રહીશોએ મુશ્કેલીનો સામનો કર્યો હતો. આ સાથે મોબાઈલ ફોનની બેટરીઓ પણ ડાઉન થઈ જતાં નેટસેવી મોબાઈલ ધારકો ખૂબ પરેસાન થઈ ઉઠ્યા હતા. આ પંથકમાં વરસાદી સીજનના વારંવાર થતા વીજ ધાંધિયા સામે ગ્રામજનોનો આક્રોશ વધતો જાય છે. વીજ કંપની દ્વારા સત્વરે આ બાબતે પગલાં લઈ વીજ પુરવઠો અવિરત મળતો રહે તે માટે કાર્યવાહી કરવાની તાતી જરૂરિયાત છે.


### વાવોલના શુભમ્ ફ્લેટ સામેના ખાડામાં ફરી કોઈનો ભોગ લેવાય તેની તંત્ર રાહ જોઈ રહ્યું છે ?

વાવોલથી કોલવડા તરફના માર્ગે શુભમ્ ફ્લેટ સામે સુજલામ્ સુફલામ્ કેનાલમાં પડેલ ગાબડામાં ગત વર્ષે એક કિશોર ડુબી જવાથી મોતને ભેટ્યો હતો. રોડની સાઈડમાંથી પસાર થતી ગટરલાઈનની સેફ્ટી ટેન્ક પાસે માટીનું યોગ્ય પુરાણ ન થવાથી અંહી ઊંડો ખાડો પડી ગયો છે. રોડની બીજી તરફ શાલ્વિક હોમ્સ સોસાયટી તરફનો વિસ્તાર ઉંચાણવાળો હોવાથી બધુ જ વરસાદી પાણી આ ખાડામાં થઈને કેનાલમાં જાય છે. આ કારણે હજુ પણ અહીં ફરી અકસ્માત સર્જાય છે અને કોઈનો ભોગ લેવાય તેની શક્યતા પુરેપુરી છે. તંત્ર ક્યારે ઘોર નિંદ્રામાંથી જાગશે અને આ ખાડામાં પુરાણ કરશે તેની આ વિસ્તારના રહીશો રાહ જોઈ રહ્યા છે.

## લોકલાડીલા ડૉ. કલામને નગરજનોની સોશ્યલ મીડિયા પર ભાવાંજલિ

ગાંધીનગર, તા. ૨૮

ભારતના લોકલાડીલા પૂર્વ રાષ્ટ્રપતિ અને



મિસાઈલ મેનના હુલામણા નામથી ઓળખાતા ડૉ. એપી.જે. અબ્દુલ કલામના અચાનક થયેલા નિધને દેશવાસીઓને હચમચાવી નાંખ્યા છે. આજે ગાંધીનગર સહિત સમગ્ર દેશમાં ડૉ. કલામને નાગરિકોએ યાદ કરી સોશ્યલ મિડીયા પર સતત પોતાની ભાવના વ્યકત કરે રાખી હતી. ડૉ. કલામને શ્રધ્ધાંજલિ આપતા અસંખ્ય ઈનોવેટીવ સંદેશાઓનો આજે વોટસએપ અને ફેસબુક વગેરે મિડીયા પર સતત મારો ચાલુ રહ્યો હતો અનેક મેસેજ તો વાંચીને બે ઘડી હૈયું ભરાઈ આવે તેટલા લાગણીસભર હતા. સાચા અર્થમાં ડૉ. કલામ લોક હૃદયમાં તેમનું આગવું સ્થાન ધરાવતા હતા તેની આજે પ્રતિતિ થવા પામી હતી.

- આજ મૌસમ ભી રોયા હે, મેરે દેશને કલામ ખોયા હૈ..
- કૌન થા જો ચલા ગયા... કયા વો થા હિન્દુ યા મુસલમાન? કોઈ નહી થા ઈનમેંસે, વો તો થા અપને આપમે પુરા હિન્દુસ્તાન.
- વો ભી શખ્સ થા જો ઈન્સાનિયત કી મિસાલ થા, ખુદા કા એક કલામ થા, કમાલ થા...
- સાયરી સે કેસે દુ સલામ, બડે મહાન થે કલામ...
- અબ પતા ચલા આસમાન બરસ નહી રો રહા થા, વો જાનતા થા એક ફરિસ્તા આજ હંમેશા કે લીએ સો રહા થા.
- વોટસઅપ પર એક દિવસ સૌ કોઈ પોતાની પ્રોફાઈલ તરીકે રાખી આપણે દિવંગતને શ્રધ્ધાંજલિ આપીએ.
- ના હિંદુ, ના મુસલમાન, દેશ કે સર પે હિંદુસ્તાની કા ઈમાન.
- બહોત મુશ્કિલ હૈ કોઈ યું વતન કી જાન હો જાયે, તુમ્હે ફૈલા દિયા જાયે તો હિન્દુસ્તાન હો જાયે..
- જગત છોડયું હો ભલે વંદન એ ચમકતા હીરને, સુવાસિત કરી આ ભોમને એ જગતના પીરને, વિજ્ઞાન ક્ષેત્રે આપી તર્પણ રાખ્યું ઉંચુ માત શીરને, દિલ કહે જગતને ખોટ પડી આજ સાચે જ... કોટિ કોટિ વંદન એ મહાન મિસાઈલ વીર ને.
- જિસ કે પીછે કોઈ રોનેવાલા નહી થા, ઉસકે લીયે તો ૧૨૫ કરોડવાલા પુરા હિન્દુસ્તાન આજ રો રહા હૈ...
- ભારત રત્ન મિસાઈલ મેનની 'કમાલ' રોકેટ અનંતમાં, લોકપ્રિય વૈજ્ઞાનિક રાષ્ટ્રપતિ કલામનું પ્રયાણ અનંતમાં...

## ડો. કલામના સંદેશા યાદ કરીને દેશવાસીઓ ગમગીન થયા

- સ્વપ્ન એ નથી જે તમને નિંદ્રામાં જુઓ છો, સ્વપ્ન તો એ છે જે તમને નિંદ્રા આવવા ના દે.
- સફળતાની વાર્તાઓ ના વાંચશો તેનાથી માત્ર સંદેશ મળશે, વાંચવી હોય તો નિષ્ફળતાની કહાની વાંચજો તેમાંથી સફળ થવાના રસ્તા સુઝશે.
- વ્યક્તિને મુશ્કેલીઓ પડવી જ જોઈએ કેમ તે તેમણે સફળતાને માણવાની છે.
- સફળતા : જ્યારે તમારી સીગ્નેચર તમારો ઓટોગ્રાફ બની જાય ત્યારે તે સફળતાની નિશાની બને છે.
- આત્મવિશ્વાસ અને પરિશ્રમ એ નિષ્ફળતાના રોગને નાથવાની સૌથી ઉત્તમ દવા છે.

તમે તમારૂ ભવિષ્ય બદલી નહી શકો, પરંતુ તમારે તમારી આદતો બદલવી જોઈએ, જો તમારી આદતો બદલાશે તો ચોક્કસ તમારૂ ભવિષ્ય પણ બદલાશે.

- પહેલી સફળતા મળે પછી તુરંત આરામ ના કરતા, જો તમે બીજા પ્રયાસમાં નિષ્ફળ રહેશો તો લોકો તમારી પહેલી સફળતાને 'નસીબ'માં ખપાવવા તૈયાર જ હશે.
- બધા પક્ષીઓ વરસાદમાં શરણું શોધે છે પરંતુ સમડી વાદળાથી ઉપર ઉડી વરસાદને મ્હાત કરે છે, માટે સમસ્યાથી ભાગવાને બદલે તેને મ્હાત કરવાનું વિચારો.
- તમારે સૂર્યની જેમ ચમકવું હોય તો સૂર્યની જેમ બળવું પણ પડશે.
- કોઈકને હરાવવું ખૂબ સરળ છે પણ કોઈકને જીતવું ખૂબ મુશ્કેલ છે.
- આપણા બધા પાસે સમાન કાબેલિયત નથી પણ બધા પાસે હૂનર વિકસાવવાની સમાન તક જરૂરી છે.
- તમારા પોતાના પ્રયાસ વગર તમે ક્યારેય સફળ નહી થઈ શકો અને તમે પ્રયાસ કરશો તો ક્યારેય નિષ્ફળ નહી રહો.
- તમારો વિચાર જે દિવસે તમારી મૂડી બની જશે, તે દિવસથી જીંદગીના તમામ ચઢાવ-ઉતારની તમને કોઈ ફિકર નહી રહે.

## મનપાના મેયર અને સ્ટેન્ડીંગ કમીટી અને ચેરમેનએ વરસાદથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી અવિરત વરસી રહેલા વરસાદ થી નાગરિકો ને અસહ્ય ઉકળાટ અને ગરમી સામે તો રાહત મળી છે પણ બીજીબાજુ ભારે પવન સાથે વરસી રહેલા વરસાદથી પાટનગર માં ઠેરઠેર વૃક્ષો ધરાશાયી થઈ જતાં રોજિંદુ જનજીવન પ્રભાવિત બન્યું છે જેના પગલે આજે સવારે ૯:૦૦ કલાકે મેયરશ્રી હંસાબેન મોદી,સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા અન્ય મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ દ્વારા શહેરના વિભિન્ન સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી તથા માર્ગો પરની અડચણો દુર કરવા તેમજ સતત વરસાદથી ઉદભવેલી સમસ્યાઓ તાકીદે નિવારવા સંબંધિત વિભાગને જાણ કરાઈ હતી.

શહેરમાં ભારે પવન સાથે સતત જારી રહેલા વરસાદથી સામાન્ય જનજીવન પ્રભાવિત બનતા આજે સવારે મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમીટી ચેરમેનશ્રી, નાયબ મ્યુનિ. કમિશનરશ્રી તથા અન્ય મ્યુનિ. અધિકારીશ્રીઓ દ્વારા આદીવાડા, મુક્તિધામ, સેક્ટર ૨૪, સેક્ટર ૨૬ સહિતના વિસ્તારોની મુલાકાત લેવામાં આવી હતી. વરસાદી માહોલ વચ્ચે પાટનગરમાં વિભિન્ન સ્થળોએ અનેક વૃક્ષો ધરાશાયી થઈ જતાં રોજીંદા વાહન વ્યવહાર પર વિપરીત અસર પડી હતી.તેમજ સતત વરસાદથી દૈનિક જનજીવન પણ પ્રભાવિત બન્યું હતું. જેથી વરસાદલક્ષી સમસ્યાઓ તાકીદે નિવારવા ડીએફઓ, પોલીસ કંટ્રોલ રૂમ, ફાયર વિભાગ સહિતના વિભાગોને જાણ કરવામાં આવી હતી.

ડેપ્યુટી મેયર કાર્તિક પટેલે પણ સે.૪, ચરેડી, આદિવાડા, સે.૭, સે.૮, સે.૨૨ની મુલાકાત લઈ પડી ગયેલા વૃક્ષો દૂર કરવા વન વિભાગને રજૂઆત કરી હતી. ખાસ કરીને જિલ્લા પંચાયત તેમજ સે.૧૭ પાસે પડેલ વૃક્ષો દૂર કરવા કોર્પોરેશનના તંત્રને જણાવ્યું હતું.

## ચિલોડા પંથકમાં અનરાધાર હેલીથી જનજીવન પ્રભાવિત

### સતત તેજ ગતિએ ફુંકાતા પવનથી હાઈવે પરના તોતિંગ વૃક્ષો ધરાશાયી થતા ટ્રાફિક જામના દ્રશ્યો : ચિલોડાનું તળાવ છલકાતા ગ્રામજનો-ખેડૂતો આનંદમાં





(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડા, તા. ૨૮

આજે વહેલી સવારથી જ ચિલોડા, ડભોડા, લવારપુર સહિતના સમગ્ર પંથકમાં અતિ ભારે અનરાધાર વરસાદની સાથે તેજ ગતિએ પવન ફુંકાતા માર્ગોની આસપાસના તોતિંગ વૃક્ષો ધરાશાયી થયાં હતાં. વૃક્ષો પડવાને કારણે અનેક ઠેકાણે ટ્રાફિક જામ થયો હતો. અવિરત વરસાદના કારણે ચિલોડાનું તળાવ છલોછલ ભરાઈ જતા તેને જોવા ગ્રામજનો ઉમટી પડયા હતાં.

વરસાદની સતત હેલીના કારણે શ્રમજીવી પરિવારના કાચા મકાનોમાં પાણી ઘુસ્યા હતા. જેના કારણે તેમને ઘરમાં ખાટલા ઉંચે બાંધી તેના પર આશરો લેવો પડયો હતો. ચિલોડાથી અમદાવાદ, દહેગામ, હિંમતનગર અને ગાંધીનગર તરફના હાઈવે માર્ગો પર અસંખ્ય તોતિંગ વૃક્ષો ધરાશાયી થઈ જવા પામ્યા હતા જેને કારણે હાઈવે ઓથોરિટી, વન વિભાગ અને વિદ્યુત બોર્ડનો કાફલો સતત દોડાદોડી કરતો જોવા મળ્યો હતો. બે દિવસથી સતત ધીમી ધારે પડેલા વરસાદથી ખેડૂતોમાં આનંદની લહેર પ્રસરી જવા પામી હતી.

## રાજયના કર્મચારીઓ પડતર પ્રશ્નોના ઉકેલ માટે આંદોલન કરશે

### નવિન કાર્યાલય ખાતે તમામ કર્ચમારી મંડળોના અધ્યક્ષો સાથે બેઠક યોજાઈ : ન્યાય મેળવવા છેલ્લે સુધી લડત લડશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સ્થિત ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિની આજે કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં સરકાર દ્વારા કર્મચારીઓના વિવિધ પ્રશ્નો બાબતે ગંભીર ચર્ચાઓ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના નવીન કાર્યાલયનું ગાંધીનગરના જૂના સચિવાલય ખાતે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આજે બપોરે મહત્વની બેઠક કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે મળી હતી.

આ બેઠકમાં છઠ્ઠા પગાર પંચ મુજબ ૧૦:૨૦:૩૦ વર્ષ ઉચ્ચતર પગાર ધોરણ મર્યાદા વિના આપવું, વય નિવૃત્તિ ૫૮ થી ૬૦ કરવી, તમામ સહાયકોને ફિકસ પગારની જગ્યાએ પૂરો પગાર આપવો, મેડીકલ એલાઉન્સ રૂ. ૧૦૦૦ પ્રતિમાસ કરવું, કેશ લેસ વીમા પોલીસી આપવી, પંચાયત-બોર્ડ નિગમ-કોર્પોરેશન કર્મચારીને સરકારી કર્મચારી ગણી તમામ લાભો આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત આગામી ૧૨મી ઓગષ્ટે વડોદરા ખાતે કર્મચારીઓની રેલી તથા ૨૭મી ઓગષ્ટે રાજકોટ ખાતે રેલી તેમજ સભા અને ૯મી સપ્ટેમ્બરના રોજ દિલ્હી ખાતે વડાપ્રધાન અને નાણાપ્રધાનને પડતર પ્રશ્નોની માંગ દર્શાવતું આવેદનપત્ર આપવાના કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા હતા. બેઠકમાં આગામી દિવસોમાં કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આગળના આંદોલનના આશ્ચર્યજનક કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે તેવું સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુ પટેલ અને પ્રવકતા આર.એ. પટેલે જણાવ્યું હતું.

## શહેરમાં વૃક્ષો હટાવવા નાગરિકો વન વિભાગની વ્હારે આવ્યા

### જિલ્લા પોલીસ વડાની સૂચનાથી વહેલી સવારથી જ પોલીસની વિવિધ ટીમો પણ ધરાશયી વૃક્ષો હટાવવા દોડી આવી હતી

ગાંધીનગર શહેરમાં સતત વરસી રહેલા તોફાની વરસાદ અને સુસવાટાભર્યા પવનને લીધે અસંખ્ય તોતીંગ અને ઘટાદાર વૃક્ષો ગણતરીની મીનીટોમાં જમીન પર ધરાશાયી થઈ ગયા હતા. ઠેર ઠેર નગરના મુખ્ય માર્ગો પર વૃક્ષો ધરાશાયી થતા વાહનવ્યવહાર કલાકો સુધી બંધ થઈ ગયા હતા. માર્ગો પર આડસ રૂપે નમી પડેલા વૃક્ષોને દૂર કરવા વહેલી સવારથી વન વિભાગની ટીમો કામે લાગી ગઈ હતી. પરંતુ એક પછી એક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાના સમાચાર મળતા વન વિભાગ પણ ચિંતિત બન્યું હતું. ત્યારે સેક્ટરોમાં તેમજ આસપાસના માર્ગો પર રહિશોએ જાતે જ સ્વૈચ્છાએ આવી વન વિભાગને વૃક્ષો દૂર કરવામાં મદદ કરી હતી. જ્યારે જિલ્લા પોલીસતંત્રના કર્મચારીઓ પણ વૃક્ષો હટાવવામાં મદદે દોડી આવ્યા હતા. આથી વન વિભાગે પણ ઘણી રાહત અનુભવી હતી અને નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સેક્ટર-૫માં રહેતા પરિણીત યુવાનનો ગળે ફાંસો

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૫-એ ખાતે રહેતા ૩૧ વર્ષિય પરિણીત યુવાને પોતાના મકાનમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. પિતાને ઘટનાની જાણ થતા ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જો કે યુવાનનું હોસ્પિટલમાં પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. સેક્ટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ સરૂ કરી છે.

સેક્ટર-૫-એ પ્લોટ નં. ૧૮૯/૧ ખાતે રહેતા ૩૧ વર્ષિય ધવલ બિપીનભાઈ ત્રિવેદીએ આજે બપોરે બે વાગ્યાના અરસામાં ઘરે જ ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરિણીત યુવાન ધવલે કયા કારણોસર આ પગલુ ભર્યુ તે હજુ સુધી સ્પષ્ટ નથી. જો કે લટકી રહેલા દિકરા ધવલ પર પિતાનું ધ્યાન જતાં દોડીને તેને ઉતારી તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જો કે તેને બચાવી શકવામાં નિષ્ફળ રહ્યા હતા. ધવલનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. સે. ૭ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી ગુનો દાખલ કરીને આપઘાત કરવા પાછળનું કારણ બહાર લાવવા તજવીજ સરૂ કરી છે. જો કે હજુ સુધી આપઘાતનું કારણ બહાર આવ્યું નથી.

## ધો-૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનો કેનાલમાં આપઘાત

### સુઘડ કેનાલમાંથી શાળાના ગણવેશમાં વિદ્યાર્થીનીનો મૃતદેહ મળ્યો હતો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીકની સુઘડ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં ૧૬ વર્ષીય શાળાનો ગણવેશ પહેરેલી વિદ્યાર્થીનીનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસે મૃતદેહ બહાર નીકાળી તપાસ કરી તો મોટેરા વિસત પેટ્રોલ પંપ નજીક રહેતી અને ધો-૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જે શનિવારથી લાપતા હતી તેનો મૃતદેહ હોવાનું ખુલ્યું છે. અકસ્માત મોતનો ગુનો નોંધી મૃત્યુનું કારણ બહાર લાવવા પોલીસે તજવીજ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોટેરા વિસત પેટ્રોલ પંપ પાસે સ્થિત પ્રભુનગર સોસાયટીમાં રહેતી અને રામનગર ની શ્રી કન્યા શાળામાં ધો-૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય વિદ્યાર્થીની શ્રદ્ધાબેન અમરતભાઈ રબારી શનિવારથી લાપતા હતા. ગુમ થયા અંગે વિદ્યાર્થીનીના પરિવારજનોએ ચાંદખેડા પોલીસ મથકમાં જાણવા જોગ અરજી પણ આપી હતી. વિદ્યાર્થીનીની શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે બપોરે તેણીનો મૃતદેહ સુઘડ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ બહાર નિકાળી શાળાના ગણવેશને આધારે ઓળખ કર્યા બાદ પરિવારજનોને જાણ કરી બોલાવી મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી તપાસનો દોર શરુ કર્યો છે.

## જિલ્લાકક્ષાની જુડો સ્પર્ધામાં લીંબોદરાની ટીમ છવાઈ

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા સહજાનંદ સ્કૂલ, ચીલોડા ખાતે જિલ્લાકક્ષાની જુડો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં લીંબોદરાની શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલના ભાઈઓ-બહેનોએ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં ૨૩ વિદ્યાર્થીઓ વિવિધ વયજૂથ અને વજનજુથમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને રાજ્યકક્ષામાં પસંદગી પામી શાળાનું ગૌરવ વધાર્યુંહતું. વિજેતા ખેલાડીઓમાં બહેનો ઠાકોર ભારતી કે., ઠાકોર મિત્તલ કે., સોલંકી લક્ષ્મીબેન બી., ચૌધરી વિધિ એસ., બિહોલા દિશા એમ., ઠાકોર મનીષા કે., વાઘેલા મેઘલ એ., ચૌધરી પાયલ એમ., ઠાકોર હીરલ બી., વાઘેલા રૂપલ કે., ચાવડા પ્રિયા પી., મહેરિયા જ્યોતિ પી. અને વાઘેલા અર્પિતા એસ. જ્યારે ભાઈઓમાં ગોસ્વામી ધાર્મિક વાય., રબારી કલ્પેશ આઈ., વાઘેલા વીરેન્દ્ર એ., ઠાકોર પ્રકાશ બી., વાઘેલા ધર્મેન્દ્રસિંહ ડી., બાબરિયા અજય જી., વાઘેલા મયૂર જે., વાઘેલા સિદ્ધરાજસિંહ આર., વાઘેલા ધરમજીત આર., વાઘેલા હર્ષરાજસિંહ એસ., વાઘેલા વિશ્વરાજસિંહ પી. પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ.

## સાદરામાં મકાનની છત પડતાં મહિલા ઘાયલ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર-હિંમતનગર હાઈવે પર સ્થિત સાદરા ગામમાં આજે વરસાદ અને પવનના આક્રમણને પગલે એક જુનું મકાન બેસી ગયું હતું અને તેની છત પડતા મકાનમાં રહેતા ૩૫ વર્ષીય સોનલબેન જીવાભાઈ રાવળને ઈજાઓ થવા પામી હતી. ઘાયલ સોનલબેનને તાત્કાલીક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા.જો કે ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તો બીજી તરફ ઘરમાં રહેતા અન્ય કોઈ વ્યકિતને ઈજાઓ થવા પામી ન હતી અને પરિવારજનોનો આબાદ બચાવ થવા પામ્યો હતો.